ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ-૨૦૧૧ અંતર્ગત નોટીસ પાઠવવાની છ માસની નિયત અવધિ તેમજ અરજદારશ્રી દ્વારા અરજી કરવાની અવધિ વધુ છ માસનો વધારો કરવા અંગે

---

ગુજરાત સરકાર

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

ક્રમાંક : અનધ-૧૦૨૦૧૧-૫૩૧૯-લ (પાર્ટ)

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૭.૦૮.૨૦૧૨

આમુખ:

ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબધ્ધ કરવા બાબતે, કાનુની પ્રક્રીયા અનુસર્યા બાદ સને ૨૦૧૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૬ ઓફ ૨૦૧૧, તા.૧૨.૧૦.૨૦૧૧ થી બહાર પાડેલ છે. અને તેના સરળ અમલીકરણ માટે તા.૧૮.૦૨.૨૦૧૨ના રોજ સરકારે ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત, નિયમો ૨૦૧૧ પ્રસિધ્ધ કરેલ છે. ઉપરોકત અધિનિયમ તથા નિયમોની જોગવાઇ હેઠળ નિર્દિષ્ટ સત્તામંડળે અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાના હેતુ માટે કાયદાના અમલની તારીખથી છ માસની મુદતની અંદર સંબંધિતોને નોટીસ બજાવવાની તેમજ અરજદારશ્રી દ્વારા સીધી અરજી કરવાની રહે છે. છ માસની આ અવધિ તા.૧૯.૦૮.૨૦૧૨ના રોજ પુર્ણ થઇ રહી છે. તા.૦૪.૦૬.૨૦૧૨ના રોજ ફીના ધોરણોમાં રાજ્ય સરકાર દ્વારા સુધારો કરવામાં આવેલ તેના પ્રતિસાદનું અવલોકન સંદર્ભે નિર્દિષ્ટ સત્તામંડળો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

રાજ્ય સરકાર દ્વારા તા.૦૪.૦૬.૨૦૧૨ના જાહેરનામાંથી કરવામાં આવેલ ફીના સુધારામાં સારો પ્રતિસાદ ન મળતા નિર્દિષ્ટ સત્તામંડળો તેમજ અન્ય રજુઆતો ધ્યાને લેતાં, આ ફીના ધોરણો સામાન્ય નાગરીકો માટે વધુ પોષણક્ષમ બને તે માટે

તા.૧૭.૦૮.૨૦૧૨ના જાહેરનામાંથી ફીના ધોરણોમાં સુધારો કરવામાં આવેલ છે. આ સુધારાને કારણે લાભાર્થીઓને નવા ફીના ધોરણો પ્રમાણે બાંધકામ નિયમિત કરવા સારૂ વધુ એક વધારાની તક આપવી જરૂરી બને છે. આમ, આ સુધારાને કારણે વધુ અરજીઓ આવવાની સંભાવના રહે છે. આથી, વધુ એક તક આપવા માટે અરજી સ્વિકારવાની તારીખ લંબાવવી આપવી જરૂરી બને છે.

આવી આ અધિનિયમની મુદત વૃધ્ધિ કરવા માટેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી અને કાળજીપુર્વક વિચારણાને અંતે હવે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

ઉપયુર્કત તમામ હકીકતો અને વિગતોને ધ્યાનમાં લઈને, ગુજરાત અનઅધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા અંગેના અધિનિયમ-૨૦૧૧ની કલમ-૫(૨) અને તેના પરંતુક હેઠળ મળતી સત્તાની રૂએ, તથા નિયમો અન્વયે નિર્દિષ્ટ સત્તામંડળે અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાના હેતુ માટે આપવાની થતી નોટીસ તથા અરજદારશ્રી દ્વારા કરવાની થતી અરજી માટેની પ્રવર્તમાન છ માસની અવધિમાં, આથી વધુ છ માસ એટલે કે તા.૧૯.૦૨.૨૦૧૩ સુધી લંબાવવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને નામે,

(પી.એલ.શર્મા)

ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર તરફે (પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (મહેસુલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવાલયના તમામ વિભાગો
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- પ્રવર નગર નિયોજકશ્રી, ઉત્તર ગુજરાત વિભાગ, બહુમાળી ભવન, લાલ દરવાજા, ૬ ઠો માળ, અમદાવાદ.
- પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષીણ ગુજરાત વિભાગ, કુબેર ભવન, આઇ-બ્લોક, ૮ મો માળ, રૂમ નં. ૮૦૨ , કોઠી કંમ્પાઉન્ડ, વડોદરા.
- પ્રવર નગર નિયોજકશ્રી, સૌરાષ્ટ્ર વિભાગ, રૂડા બિલ્ડીંગ, ૬ ઠો માળ, રાજકોટ.
- તમામ મહાનગરપાલિકા
- તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ
- તમામ કલેકટરશ્રીઓ
- તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફે (તમામ નગરપાલિકાઓને જાણ કરવા સારૂ)
- શહેરી વિકાસ વિભાગની તમામ શાખાઓ
- સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ